પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-09-2024 Evening : 7.50 to 8.00

Day : Friday National News

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ'માં વિવિધ વિષયો પર વિચારો રજૂ કરશે.
- મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી મહિનાઓમાં યોજાનારી ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી કમિશનના પ્રતિનિધિમંડળે આજે મુંબઇમાં શ્રેણીબધ્ધ બેઠકો યોજી છે.
- આયુષ ઉપચાર પદ્ધતિ અને વૈશ્વિક આરોગ્યસંભાળ પદ્ધતિ વચ્ચે સંકલન સઘન બનાવવા અંગેની સમજૂતી ઉપર હસ્તાક્ષર કરાયા છે.
- કેન્દ્રિય પ્રવાસન મંત્રાલયે આજે વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણીના ભાગરૂપે પર્યટન મિત્ર અને પર્યટન દીદી પ્રોજેક્ટનો આરંભ કર્યો છે.
- ભારત અને ઉઝબેકિસ્તાને આજે તાશ્કંદમાં દ્વિપક્ષીય રોકાણ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા.
- ભારતની ત્રીશા જોલી અને ગાયત્રી ગોપીચંદનની જોડીએ મકાઉ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની ડબલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત કાર્યક્રમ' દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

## MAHA-ECI REVIEW MEETINGS

મહારાષ્ટ્ર વિધાનસભાની આગામી મહિનાઓમાં યોજાનારી ચૂંટણીના સંદર્ભમાં મુખ્ય ચૂંટણી કમિશ્નલ રાજીવ કુમારના વડપણ હેઠળના પ્રતિનિધિમંડળે આજે મુંબઇમાં શ્રેણીબધ્ધ બેઠકો

યોજી છે. આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશ્નરની સાથે અન્ય ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને એસ.એસ.સંધુ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ચૂંટણીપંચે વિધાનસભાની આગામી ચૂંટણીના સંદર્ભમાં અધિકારીઓની બદલી અંગેનો અનુપાલન અહેવાલ શા માટે રજૂ કરાયો નથી એ અંગે સંબંધિતો પાસેથી સ્પષ્ટતા માંગી હતી.

ઉલ્લેખનીય છે કે, ગત 31મી જુલાઇએ ચૂંટણીપંચે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયાના સંદર્ભે અધિકારીઓની ચોક્કસ નિયમના આધારે બદલીના નિર્દેશ આપતો પત્ર પાઠવ્યો હતો,

મહારાષ્ટ્રના અગ્રસચિવને આ નિર્દેશનું અનુપાલન થયું હોવાનો અહેવાલ 25મી સપ્ટેંબર સુધીમાં રજૂ કરવાનો પણ નિર્દેશ અપાયો હતો.

**UP FIRST IN EPMKN CAMPAIGN**

પર્યાવરણના રક્ષણ માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી એક પેડ માં કે નામ ઝુંબેશ હેઠળ અત્યાર સુધી 80 કરોડથી વધુ રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે.

ઉત્તરપ્રદેશે આશરે 26 કરોડથી વધુ વૃક્ષારોપણ કરીને આ ઝુંબેશમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે. કેન્દ્રિય વન અને પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવે સોશિયલ મિડિયા ઉપર આ માહીતી આપી હતી. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશ રાજયને આ ઝુંબેશમાં મોખરાનું સ્થાન અપાવવા માટે રાજયના નાગરિકોનો આભાર માન્યો છે.

AYUSH MINISTER

ભારતના આયુષમંત્રાલય અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ, આયુષ ઉપચાર પદ્ધતિ અને વૈશ્વિક આરોગ્યસંભાળ પદ્ધતિ વચ્ચે સઘન સંકલન બનાવવા અંગેની સમજૂતી ઉપર હસ્તાક્ષર કર્યા છે. કેન્દ્રિય આયુષમંત્રી પ્રતાપરાવ જાધવે આજે દિલ્હીમાં તેમના મંત્રાલયે છેલ્લા 100 દિવસમાં મેળવેલી સિદ્ધિઓ અંગેની વિગતો પત્રકારોને આપતાં આ મુજબ જણાવ્યું હતું. આયુષ મંત્રાલયે ભારતીય લોકોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું. શ્રી જાધવે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે પરંપરાગત ઔષધ ઉપચાર પદ્ધતિમાં ઉપયોગમાં લેવાતા તબીબી છોડના ઉપયોગ અંગે વિયેતનામ સાથે સમજૂતી કરવામાં આવી છે. એવી જ રીતે મલેશિયા સાથેની સમજૂતીમાં આયુર્વેદમાં સંશોધન અને જ્ઞાનનું આદાનપ્રદાન કરવાની જોગવાઇ છે.

કેન્દ્રિય આયુષમંત્રીએ જણાવ્યું હતું કે, આયુષ ઉપચાર પદ્ધતિને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે કેન્દ્ર સરકાર તાલુકા સ્તરે ખાસ ઔષધ કેન્દ્રો શરૂ કરવાની નેમ ધરાવે છે. એવી જ રીતે વરિષ્ઠ નાગરિકોની આરોગ્યસંભાળની જરૂરિયાતો પૂરી કરવા સમગ્ર દેશમાં 14 હજાર 692 આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

## CHENNAI-GLOBAL HUB

આત્મનિર્ભર યોજના હેઠળ ભારત હવે ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક કેન્દ્ર બન્યું છે. ઇશાન વિસ્તારના કેન્દ્રિય સંદેશા વ્યવહાર મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાએ ચેન્નાઇ નજીક સિસ્કોના અદ્યતન ઉત્પાદન સુવિધાનું લોકાર્પણ કરતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ચેન્નાઇ ખાતેની આ સુવિધાથી દૂરસંદેશાવ્યવહાર પદ્ધતિના ક્ષેત્રે દેશના સર્વગ્રાહી વિકાસને નવું બળ મળશે.

ચેન્નાઇ ખાતેની આ સુવિધાથી દેશમાં ઉત્પાદન અને દેશમાંથી થતી નિકાસમાં નોંધપાત્ર વધારો થશે.

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## TOURISM-PARYATAN MITRA

કેન્દ્રિય પ્રવાસન મંત્રાલયે આજે વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણીના ભાગરૂપે પર્યટનમિત્ર અને પર્યટનદીદી પ્રોજેક્ટનો આરંભ કર્યો છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ દેશના પ્રવાસન સ્થળોની મુલાકાત લેનાર પ્રવાસીઓને વધુ સારી સુવિધા આપવાનો છે. આ પ્રોજેક્ટ હેઠળ યુવાનોને સંબંધિત સ્થળોની વિશ્વસનીય માહીતીથી વાકેફ કરાશે.

એવી જ રીતે તેમને જે તે પ્રવાસન સ્થળોએ હેરીટેજ વોક, હસ્તકળાની વિગતો, કુદરતી સૌંદર્યના સ્થળો અને પ્રવાસન માટે આવનારને હોમસ્ટેની સુવિધા જેવી પ્રવાસન ઉપયોગી માહીતી અને તાલીમ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગત 15મી ઓગષ્ટે આ પ્રોજેક્ટ હેઠળ આશરે 3 હજાર લોકોને ખાસ તાલીમ આપવામાં આવી હતી. અને પ્રાયોગિક પરિક્ષણમાં આ પ્રોજેક્ટનો અનુભવ સારો રહ્યો છે.

## WORLD TOURISM DAY

સમગ્ર વિશ્વની સાથે આજે ભારતમાં વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી થઇ રહી છે. કેન્દ્રિય પ્રવાસન મંત્રાલયે આ દિવસની ઉજવણીના ભાગરૂપે પર્યટનમિત્ર અને પર્યટનદીદી પહેલ સહિત વિવિધ પહેલોનો આરંભ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, લોકો વચ્ચેનો સંપર્ક વધે અને અર્થતંત્રને ગતિ મળે તે હેતુથી દર વર્ષે 27મી સપ્ટેંબરે વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની વિષયવસ્તુ છે – પ્રવાસન અને શાંતિ.

પ્રવાસન મંત્રાલયે દેશના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લેનાર પ્રવાસીઓ પાસેથી પ્રતિભાવ મેળવવા દેશભરના રેલ્વે સ્ટેશનો અને વિમાનમથકોએ પ્રતિભાવ સ્વીકાર વ્યવસ્થા ઉભી કરવાનો નિર્ણય લીધો છે.

## INDIA UZBEKISTAN

ભારત અને ઉઝબેકિસ્તાને આજે તાશ્કંદમાં દ્વિપક્ષીય રોકાણ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. આ સંધિ પર નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ઉઝબેકિસ્તાનના નાયબ પ્રધાનમંત્રી ખોદજાયેવ જમશીદ અબ્દુખાકીમોવિચે હસ્તાક્ષર કર્યા હતા. ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચેની આ સંધિ ભારતમાં ઉઝબેકિસ્તાનના રોકાણકારો અને ઉઝબેકિસ્તાનમાં ભારતીય રોકાણકારોને સંબંધિત આંતરરાષ્ટ્રીય દાખલાઓ અને પ્રથાઓના પ્રકાશમાં યોગ્ય સુરક્ષાની ખાતરી આપે છે.

આ સંધિ વિવાદના સમાધાન માટે સ્વતંત્ર ફોરમ પ્રદાન કરતી વખતે સારવાર અને બિન-ભેદભાવના ન્યૂનતમ ધોરણની ખાતરી આપીને રોકાણકારોનો વિશ્વાસ વધારશે. તે પારદર્શિતા, ટ્રાન્સફર અને નુકસાન માટે વળતરની પણ જોગવાઈ કરે છે.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે સંધિ પર હસ્તાક્ષર આર્થિક સહયોગને વધારવા અને રોકાણ માટે વધુ મજબૂત અને સ્થિતિસ્થાપક વાતાવરણ બનાવવા પ્રત્યે બંને દેશોની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ સંધિથી દ્વિપક્ષીય રોકાણમાં વધારો થવાનો માર્ગ મોકળો થવાની ધારણા છે, જેનાથી બંને દેશોમાં વ્યવસાયો અને અર્થતંત્રોને ફાયદો થશે.

## DAY BADMINTON- MACAU OPEN

ભારતની ત્રીશા જોલી અને ગાયત્રી ગોપીચંદનની જોડીએ મકાઉ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની મહિલાઓની ડબલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સ્પર્ધાની ક્વાર્ટરફાઇનલમાં ત્રીશા અને ગાયત્રીની જોડીએ તાઇવાનની સુ-યીન – હુઇ અને  વુ યુની જોડીને 2-0થી પરાજય આપીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આવતીકાલે રમાનારી સેમિફાઇનલમાં ત્રીશા અને ગાયત્રીની જોડી તાઇવાનની હસીસ પેઇ-શાન અને ગંલ એન-ત્જુની જોડી સામે રમશે.

જયારે, ભારતના કિદાંબી શ્રીકાંતનો પુરૂષોની સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગના એંગસ લોંગ સામે પરાજય થતાં શ્રીકાંત સ્પર્ધામાંથી બહાર થયા છે.

## EVE. INDIA-BANGLADESH-TEST

કાનપુરમાં રમાઇ રહેલી બીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે પ્રથમ દિવસે બાંગ્લાદેશે પહેલી ઇનિંગમાં ત્રણ વિકેટે 107 રન બનાવ્યા છે. ભારે વરસાદને કારણે આજે બપોર બાદ મેચ અટકાવી દેવાઇ હતી. ત્યારે મોમિનુલ હક 40 રને અને મુશફિકુર રહીમ 6 રને રમતમાં હતા, ભારત તરફથી આકાશ દીપે બે જ્યારે રવિચંદ્રન અશ્વિને 1-1 વિકેટ લીધી હતી.

અગાઉ, વરસાદ અને ભીના આઉટફિલ્ડને કારણે ટોસમાં પણ વિલંબ થયા બાદ ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ચેન્નાઈમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતે પ્રવાસી બાંગ્લાદેશની ટીમને 280 રનના વિશાળ અંતરથી હરાવીને શ્રેણીમાં 1-0થી સરસાઇ મેળવી છે.

## TELANGANA-REWARD PLAYERS

તેલંગણા સરકારે તાજેતરમાં હંગેરીના બુડાપેસ્ટમાં યોજાયેલી 45મી ફીડે ચેસ ઓલિમ્પિયાડ સ્પર્ધામાં નોંધપાત્ર કામગીરી કરનાર તેલંગણાના અર્જુન અને હારીકાનું સન્માન કર્યું અને દરેકને 25 લાખ રૂપિયાનું રોકડ ઇનામ એનાયત કર્યું છે.

તેલંગણાનો અર્જુન વિશ્વમાં ત્રીજું અને  હારીકા વિશ્વમાં 11મું સ્થાન ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, બુડાપેસ્ટમાં યોજાયેલી ફીડે ચેસ ઓલિમ્પિયાડ સ્પર્ધામાં ભારતના પુરૂષ અને મહિલા ખેલાડીઓએ ટીમ ઇવેન્ટમાં સુવર્ણચંદ્રકો મેળવ્યા છે. જયારે અર્જુને વ્યક્તિગત રીતે પણ સુવર્ણચંદ્રક મેળવ્યો છે.

## INDONESIA-MINE COLLAPSE

ઇન્ડોનેશિયામાં પશ્ચિમ સુમાત્રામાં ગેરકાયદેસર રીતે ચાલતી સોનાની ખાણનો કેટલોક હિસ્સો તૂટી પડતાં 15 શ્રમિકોના મોત નિપજયાં છે. અને 25 શ્રમિકો લાપતા થયા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ વહીવટીતંત્રે આધુનિક સાધનો સાથે રાહત અને બચાવની કામગીરી હાથ ધરી છે.

## DIVYA KALA MELA

દેશભરના દિવ્યાંગ કલાકસબીઓની કૃતિઓ દર્શાવતા “દિવ્ય કલા મેળા”નો મહારાષ્ટ્રના પુણેમાં આવતીકાલથી આરંભ થશે. કેન્દ્રિય સામાજીક ન્યાય અને અધિકારમંત્રી ડો.વિરેન્દ્ર કુમાર આ કલામેળાનું ઉદઘાટન કરશે. 20 રાજયોના 100થી વધુ દિવ્યાંગ કલાકસબીઓ આ મેળામાં હસ્તકલાની ચીજવસ્તુઓ પ્રદર્શિત કરશે. આ ઉપરાંત મેળામાં ઓર્ગેનિક પેકેજ ફૂડ પણ મળશે. આવતીકાલથી શરૂ થનાર દિવ્યકલા મેળો આગામી છઠ્ઠી ઓકટોબર સુધી યોજાશે.

## KERALA-MPOX

કેરળમાં એમ-પોક્સનો વધુ એક કેસ નોંધાયો છે. વિદેશથી કેરળના કોચી પાછા ફરેલા 38 વર્ષિય પુરૂષને એમ-પોકસ હોવાની પુષ્ટિ થઇ છે. આ વ્યક્તિને ખાનગી હોસ્પીટલમાં સારવાર અપાઇ રહી છે.

દરમિયાન, રાજયના આરોગ્યમંત્રી વિણા જયોર્જે તિરૂઅનંતપુરમમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કેરળમાં એમ-પોક્સની પરિસ્થિતિની સમિક્ષા કરી છે. બેઠકમાં જણાવવામાં આવ્યું કે, આરોગ્ય વિભાગે એમ-પોક્સના દર્દીના સંપર્કમાં આવેલા વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે. અને જરૂરી તબીબી પગલાં લીધાં છે.

ઉલ્લેખનીય છે કે, કેરળમાં આ મહિનામાં એમ-પોક્સનો આ બીજો કેસ નોંધાયો છે.